BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનના રિજનલ કાઉન્સિલર પૉલ વિસેન્ટ AMOના 2022 થી 2024 ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચુંટાઇ આવ્યા છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (18 ઑગસ્ટ 2022) – ગઈકાલે 2022 અસોસિએશન ઓફ મ્યુનિસિપાલિટિઝ (AMO)ની વાર્ષિક સામાન્ય સભા અને કોન્ફરન્સમાં બ્રૅમ્પટનના રિજનલ કાઉન્સિલર પૉલ વિસેન્ટ AMOના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં રિજનલ અને સિંગલ ટાયર કૉકસના 2022 થી 2024ની બોર્ડની મુદત માટે ચુંટાઇ આવ્યા છે.

AMO એક બિન-નફાકારી સંસ્થા છે જે ઓન્ટારિયોની 444 નગરપાલિકા પ્રશાસનો પૈકી લગભગ તમામનું પ્રતિનિધિત્વ કરે છે. AMO ઓન્ટારિયોમાં સબળ અને અસરકારક નગરપાલિકા પ્રશાસનને સમર્થન આપે છે અને નગરપાલિકા પ્રશાસન ઓન્ટારિયો અને કૅનેડાની રાજકીય પ્રણાલિમાં મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય ઘટક હોવાનું પ્રતિપાદન કરે છે.

2022 થી 2024ની મુદત દરમિયાન AMO વિશિષ્ટપણે આર્થિક પુનર્જીવન અને સમૃદ્દિ, આયોજન અને વિકાસ, કિફાયતી આવાસ, બેઘરપણાનું નિવારણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં નિવેશ, બ્રોડબેન્ડનું વિસ્તરણ અને ટ્રાન્ઝિટ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તે ઉપરાંત, AMO એવા સામાજિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નીતિઓ પર કેન્દ્રિત છે જેનાથી ઓન્ટારિયોમાં રહેતા દરેકજણ પોતાનામાં રહેલી સંભાવનાઓ સિદ્ધ કરી શકે. સાર્વજનિક આરોગ્ય, કમ્યુનિટી પૅરામેડિસિન, લાંબા ગાળાની સંભાળ, માનવ સેવાઓ, સમુદાય માનસિક આરોગ્ય અને વ્યસનમુક્તિ AMOની ટોચની પ્રાથમિકતાઓનો સારાંશ છે.

સિટી ઓફ બ્રૅમ્પ્ટને ઑગસ્ટ 14 થી ઑગસ્ટ 17 સુધી હાથ ધરાયેલ AMO 2022 વર્ચુઅલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. વધુ જાણકારી અહીં મળશે.

**સુવાક્યો**

“બ્રૅમ્પટન સિટી કાઉન્સિલ વતી હું કાઉન્સિલર પૉલ વિસેન્ટને અભિનંદન પાઠવું છું કે તેઓ AMOના 2022 થી 2024 બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચુંટાઇ આવ્યા. સમસ્ત ઓન્ટારિયોની નગરપાલિકાઓ સાથે મજબૂત અને અસરકારક સહયોગ વધુ હરિયાળા સમુદાયો બનાવવાના હિમાયતી પ્રયાસોને બળ આપશે, વિકાસનું સંચાલન થઈ શકશે અને અર્થતંત્રો મજબૂત બનશે. મજબૂત બ્રૅમ્પટન અને પીલ રિજન માટેની કાઉન્સિલર વિસેન્ટની પ્રતિબદ્ધતા આપણા રહેવાસીઓ અને તમામ AMO સભ્યોની પૂંજી છે એમ કહી શકાય.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

BRAMPTON

**Media Release**

"AMO બોર્ડ ઓફ઼ ડિરેક્ટર્સના દ્વિતિય કાર્યકાળ માટે ફરી ચુંટાઇ આવ્યા બદ્દલ મને સન્માનિત થયાની લાગણી છે અને હું સમસ્ત ઓન્ટારિયોની નગરપાલિકાઓ સાથે કાર્ય કરવા ઉત્સુક છું તેમજ આપણી કાઉન્સિલો સાથે કે જેથી બ્રૅમ્પટન માટે હિમાયત કરી શકાય અને સિટીની અને પ્રદેશની પ્રાથમિકતાઓ રાજ્યના સ્તરે ખેંચી લાવી શકાય."

*પૉલ વિસેન્ટ, રિજનલ કાઉન્સિલર વૉર્ડ 1 અને 5, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ઼ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફ઼ળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ઼ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca